।। શ્રી મહાવીરાય નમઃ।।

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Website :** www.jainshikshan.org **E mail :** jainshikshanboard@gmail.com

**૧૬ જુલાઈ ૨૦૨૩ – મહિલા મંડળ** **શ્રેણી – ૧** **કુલ ગુણ : ૧૦૦**

**સૂચના : ૧) જે પ્રમાણે સવાલ પૂછ્યા હોય તે જ પ્રમાણે જવાબ લખવા. વાર્તા કે થોકડાના લાંબા જવાબ લખવા નહિ.**

**૨) આપના જવાબ પેપરમાં આપે ઓપન બુક આપી છે કે રેગ્યુલર તે ખાસ લખજો. જેમણે નહીં લખ્યું હોય તેમનો નંબર આવશે તો પણ નંબર આપવામાં નહીં આવે.**

---

(૪૦)

**પ્ર.૧ (અ) નીચેના પાઠની પૂર્તિ કરો. (૧૨)**

૧. આયાહિણં ........ મંગલં ૨. ગમણાગમણે ......... દગ

૩. પંચ ........ મંગલં ૪. હુજ્જ મે ......... તાવ

**(આ) નીચેના શબ્દોના ગુજરાતીમાં અર્થ લખો. (૬)**

૧. કાઉસ્સગ્ગં ૨. ઠાણાઓઠાણં ૩. મંગલાણં ૪. સક્કારેમિ ૫. ઠાણેણં ૬. વિરાહણાએ

**(ઇ) નીચેના શબ્દોના મૂળ પાઠ (માગધી શબ્દ) લખો. (૭)**

૧. ત્રણવાર ૨. કરોળિયાના જાળા ૩. આપ જ્ઞાનવંત છો ૪. બગાસું આવવાથી

૫. વોસિરાવું છું ૬. અરિહંત ભગવંતોને નમસ્કાર હો ૭. ત્રણ ઈંદ્રિયવાળા જીવ

**(ઈ) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. ત્રીજું પદ કોનું છે? તેઓ શું કરે છે? તેમના ગુણ કેટલા છે?

૨. હિંસાનો દોષ ક્યારે લાગી શકે છે? તે કેટલા પ્રકારની છે?

૩. ઉપકારી ગુરુને વંદન શા માટે કરાય છે? સામાયિકનો બીજો પાઠ શેનો છે?

૪. દરેક ધર્મ શેને પ્રાધાન્ય આપે છે? કાયોત્સર્ગ શારીરિક, માનસિક સ્તરે અને આધ્યાત્મિક ક્ષેત્રે શું છે?

૫. સર્વોત્તમ ગુણવાળા આત્માનું સ્મરણ કરવાથી શું થાય છે? તે શેનો નિયમ છે?

**(ઉ) નીચેના પ્રશ્નોના જવાબ એક શબ્દમાં લખો. (૫)**

૧. નમસ્કાર સૂત્રનુ બીજું નામ શું છે? ૨. સિદ્ધ ભગવાન શેના ચકથી મુક્ત થઈ ગયા છે?

૩. પતંગિયાને કેટલી ઈંદ્રિય હોય છે? ૪. કીડી પર પાઉડર છાંટતા ભયથી વિહ્વળ થાય તો કયો દોષ લાગે?

૫. ઉત્કૃષ્ટ વંદના કયા આસને કરાય? ૬. આત્માને શલ્ય રહિત કરવા શું કરવું જોઈએ?

૭. કાયોત્સર્ગ એ કયું તપ છે? ૮. કોની સામે મસ્તક ઝુકાવી આજ્ઞા હૈયે ધરવાની છે?

૯. મારું જીવન કેવું હોવું જોઈએ? ૧૦. વંદના કરવાથી કયા ગુણોની પ્રાપ્તિ થાય છે?

(૨૦)

**પ્ર.૨ (અ) સામાન્ય સમજણના આધારે માગ્યા પ્રમાણે જવાબ લખો. (૧૨)**

૧. તીર્થંકર – ૫ અને ૧૨ ૨. ગણધર – ૨ અને ૧૦ ૩. સતી – ૪ અને ૧૪

૪. કર્મ – ૩ અને ૮ ૫. કાય (ગોત્ર) – ૧ લી ૬. દ્રવ્ય – ૪ થું

૭. જ્ઞાનનો આદર કરાવતું સાધન અને પ્રભુ સાથે મિલન કરાવતું ઉપકરણ કયું?

**(આ) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૮)**

૧. પાથરણું સફેદ કલરનું કેમ હોય છે?

૨. રોજ કોનું સ્મરણ અવશ્ય કરવું જોઈએ? તે શેનું કારણ બને છે?

૩. દર્શનાવરણીય કર્મ શું કરે છે? આત્માની શ્રેષ્ઠ કે નિમ્ન કક્ષાની પ્રશંસા કરાવનાર કર્મ કયું છે?
૪. સતીનું આભૂષણ કયું છે? તેમના નામ સ્મરણથી શેની પ્રેરણા મળે છે?
૫. તીર્થંકર પ્રથમ દેશનામાં કયા શબ્દો આપે છે?
૬. દેવોને દુર્લભ કયા ઉપકરણો છે? પ્રભુ જેવા બનવાની સરળ સીડી કઈ છે?
૭. સદાકાળ શાશ્વત શું છે? જેમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ હોય તેને શું કહેવાય?
૮. ...... જીવોમાં ...... કારણે અનંત પ્રકારની વિવિધતા છે.

(૧૫)

**પ્ર.૩ (અ) સંસ્કારના વિભાગને આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. દિવસની શરુઆત કેવી રીતે કરાય? રાતે સૂવા કેવી રીતે જવાય?
૨. ધર્મનો આપણા પર શું ઉપકાર છે?
૩. વિનયી વ્યક્તિની ચાલ, વાણી અને આંખો કેવી હોય છે?
૪. આહાર ગ્રહણ કરવા માટેનો ઉત્તમ સમય કયો છે? રાત્રિભોજન શા માટે ન કરવું જોઇએ?
૫. નટ્સ કેવી રીતે ખાવા જોઇએ? વેજ-નોન વેજ હોટેલમાં શા માટે ન જમવું જોઇએ?

**(આ) નીચેના વાક્યો સાચા છે કે ખોટા? ખોટા હોય તે સુધારીને લખો. (૫)**

૧. શેઠના ઉપકારથી મુક્ત તેમને ધર્મમાર્ગની પ્રેરણા આપવી.
૨. વિનયી વ્યક્તિ જીવનના દરેક ક્ષેત્રમાં સફળ થતો નથી.
૩. જય-જિનેન્દ્ર જૈનત્વની ઓળખાણ છે.
૪. જે આહાર સ્પર્શ દ્વારા ગ્રહણ કરીએ તેને કવલ આહર કહેવાય.
૫. કૃતજ્ઞ વ્યક્તિ કોઇના કરેલા નાના ઉપકારને રાઈ જેટલા માને છે.

(૫)

**પ્ર.૪ ધર્મ અને વિજ્ઞાનના આધારે નીચેના પ્રશ્નોના માગ્યા પ્રમાણે જવાબ લખો.**

૧. ધર્મમાં શેનું ધ્યેય સમાયેલું છે?
૨. શબ્દ એ પુદ્ગલ છે એ સિદ્ધાંત પર વિજ્ઞાને શું શોધ્યું છે?
૩. ઉકાળેલા પાણી માટે વિજ્ઞાન શું કહે છે?
૪. વૈજ્ઞાનિકો અવનવી શોધ ક્યાં અને શેના દ્વારા કરે છે?
૫. ઈકાગાઈ જીવન પદ્ધતિથી જીવનારા લોકોનું જીવન કેવું છે?

(૧૦)

**પ્ર.૫ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. નયસાર કોણ હતો? ક્યાં રહેતો હતો? તેનો સ્વભાવ કેવો હતો? તેમણે શું નિયમ લીધો હતો?
૨. મેઘરથ રાજા કોણ હતા? તેમનામાં કયો ગુણ હતો? તેમની પરીક્ષા કરવા કોણ આવ્યું? શા માટે?
૩. કમઠ મૃત્યુ પામી ક્યાં ઉત્પન્ન થયા? તેમણે પ્રભુને શું ઉપસર્ગ આપ્યો?
૪. કલ્યાણ મિત્ર કોને કહેવાય? અભયકુમારે આર્દ્રકુમારને શું ભેટ મોકલી? ભેટ જોઇને આર્દ્રકુમારે શું કર્યું?
૫. કોણ બોલે છે અને કોને કહે છે? ૧) તેને મેં અભયદાન આપ્યું છે.
૨) જે ધર્મમાં દયા નથી તે ધર્મ નથી.

(૧૦)

**પ્ર.૬ નીચેના કાવ્યની પૂર્તિ કરો.**

૧. આઠ ........ નિરાકાર દેવ છે.
૨. અરિહંત ......... અનેરો.
૩. વીર પ્રભુના ......... શૂળ છે.
૪. માન ......... વધારાય ના.

**જય – જિનેન્દ્ર**

❋ **Please conatact DSB helpline no. for online shreni study classes. 9702277914**
❋ **Please join our Telegram group. Contact DSB helpline no. 9702277914**